પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS
Express
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૬૨ | ૨૧ ઓગસ્ટ, ૨૦૧૮, મંગળવાર; શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પ્રભાતના પગરવ...

'સપોર્ટ સનાલી'ના સંવાહકોને સલામ

વાત ખુબ નાની છે, પણ મહિમા મોટો છે. બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારના સનાલી ગામ અને આસપાસ ૨૦૦ પરિવારો કફોડી હાલતમાં જીવન વીતાવે છે. એવી વાત સાથે શહેરના જાણીતા કલાકાર ગાર્ગી પસારીએ સોશીયલ મીડિયામાં વિગતો મુકી. આ સંવેદનાનો પડઘો પણ પ્રોત્સાહક બની ગયો. આ ૨૦૦ પરિવારોને મદદરૂપ થવાનું નિમિત્ત ગાર્ગી પસારી બન્યા પરંતુ આ વાતને ઉપાડીને ગાંધીનગરના સંવેદનશીલ યુવાનોએ 'સપોર્ટ સનાલી' પ્રોજેક્ટ સોશીયલ મીડીયામાં વહેતો કર્યો અને જોતજોતામાં પ્રવાહ શરૂ થઈ ગયો. કોઈએ કપડાં મોકલ્યા તો કોઈએ જૂના વાસણો મોકલ્યા. ગોદડા-ગોદડીઓ, પ્લાસ્ટીકના ડબ્બા, રમકડાં, છત્રીઓ, મીણબત્તીઓ, શેતરંજી, ઘરવખરી, કરીયાણું, સ્ટેશનરી અને પગરખા જેવી અઢળક ચીજવસ્તુઓ માત્ર ૧૫ દિવસમાં જ છલકાવી દીધી.

આ સમગ્ર વસ્તુઓ ઉપરાંત ૯૭,૦૦૦ રૂપિયાનું રોકડ દાન પણ પ્રાપ્ત થયું અને આ પ્રાપ્ત રોકડ દાનમાંથી ત્રણસો જોડ નવા પગરખા, ધાબળા, છત્રીઓ, રેઈનકોટ, તાડપત્રી, સ્ટેશનરી વગેરેની ૨૦૦ કીટ તૈયાર કરી. આ સમગ્ર ઘરવખરીની ચીજવસ્તુઓની કીટ તથા સામગ્રી એક ટ્રક ભરીને ભાઈ નરેશ ચૌધરી અને મહેન્દ્ર પ્રજાપતિ સનાલી પહોંચ્યા. સનાલી સહીત આસપાસના અંતરિયાળ ૩૦ ગામોના ૨૦૦ જરૂરીયાતમંદ પરિવારોને હાથોહાથ પહોંચાડાઈ. આદીવાસી અને ખેતમજૂર વર્ગના અત્યંત દારૂણ પરિસ્થિતિમાં જીવતા પરિવારોને હુંફાળો સધિયારો પુરો પાડવાનો પાવન પુરૂષાર્થ કરનાર ગાંધીનગરના સંવેદનશીલ યુવાનોની પીઠ થાબડીએ તેટલી ઓછી છે.

આ પ્રોજેક્ટ 'સપોર્ટ સનાલી'માં જોડાનાર યુવાનોનો નામોલ્લેખ ન થાય તો વાત અધુરી લાગે છે. આ સંવેદનશીલ સેવાયાત્રામાં જોડાનાર યુવાનો સર્વશ્રી વ્યોમ અમીન, નરેશ ચૌધરી, દિપીકા જેઠવા, ધ્રુવ વોરા, મેહુલ ભોજક, પાયલ પરમાર, કુંજ પટેલ, અનુપા પંડ્યા, દિપક આહીર, રોનક શર્મા, કાજલ વૈષ્ણવ, નિર્મલ શાહ, રોનક પટેલ, યશ ચૌહાણ, રાજન બારોટ, મહેન્દ્ર પ્રજાપતિ સહિતની ટીમને પ્રભાતના પગરવામાં સન્માનપૂર્વક સલામ છે. એક વિચાર અને વિચારને ઉપાડનાર સંવેદનશીલ વ્યક્તિઓ કેટકેટલુ કરી શકે એનું પ્રેરક ઉદાહરણ 'સપોર્ટ સનાલી' પ્રોજેક્ટ છે. આ વાત કોઈની વાહવાહી માટે નહીં પણ સકારાત્મક અભિગમને સમર્પિત યુવાનો ગાંધીનગરના ઉજ્જવળ આવતીકાલનો અણસાર આપે છે. તેના રાજીપા માટે મુકાઈ છે.

ભારતની મજબૂત ઓળખ અટલજીએ અપાવી

અટલના અટલ નિર્ણયથી પરમાણુ પરીક્ષણ કરી ભારતે તાકાત દર્શાવી : વાજપેયીની પ્રાર્થનાસભામાં મોદીએ વાજપેયીની સિદ્ધિઓ રજૂ કરી : કાશ્મીર સુધીની તેમની નીતિના લીધે જ ભારતની દુનિયામાં મજબૂત ઓળખ બની : શૂન્યમાંથી સૃષ્ટિનું નિર્માણ કઇરીતે થઇ શકે છે તે વાજપેયીએ બતાવ્યું

નવીદિલ્હી, તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પ્રાર્થનાસભામાં વાજપેયીને શ્રદ્ધાંજલિ આપીને તેમને યાદ કર્યા હતા. દેશવાસીઓના હિતમાં કામ કરનાર એક શક્તિશાળી નેતા તરીકે વાજપેયીને ગણાવ્યા હતા. પરમાણુ પરીક્ષણથી લઈને કાશ્મીર સુધી ભારતને મજબૂત કરવામાં વાજપેયીએ ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. વાજપેયીના યોગદાનને યાદ કરતા મોદીએ કહ્યું હતું કે, વાજપેયીએ પોતાના કામથી દેશને દરેક ક્ષેત્રમાં આગળ વધારવામાં ભૂમિકા અદા કરી હતી. વિદેશ નીતિથી લઈને દેશને મજબૂત બનાવવા માટે વાજપેયીએ જે કંઈપણ શક્ય હતું તે તમામ કામ કર્યું હતું. પરમાણુ પરીક્ષણથી લઈને કાશ્મીર સુધી વાજપેયીએ એવી નીતિ બનાવી હતી જ્યાંથી ભારતની દુનિયામાં મજબૂત ઓળખ ઉભી થઈ હતી. પૂર્વ વડાપ્રધાન વાજપેયીની યાદમાં ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં આયોજિત પ્રાર્થના સભામાં કહ્યુ હતુ કે અટલ કિશોર અવસ્થાથી લઈને અંત સુધી જ્યાં સુધી શરીર સાથ આપી રહ્યો હતો ત્યાં સુધી

● અનુસંધાન પાન-૭ પર

અડવાણી વાજપેયીને યાદ કરી ભાવુક બન્યા



નવીદિલ્હી, તા. ૨૦

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં સ્વર્ગસ્થ પૂર્વ વડાપ્રધાન વાજયેપીની શ્રદ્ધાંજલિ સભામાં તેમના નજીકના સાથી લાલકૃષ્ણ અડવાણી તેમને યાદ કરીને ભાવનાશીલ બની ગયા હતા. વાજપેયીની સાથે પોતાની ૬૫ વર્ષ જુની મિત્રતાને યાદ કરતા કહ્યું હતું કે, તેઓએ ક્યારે કલ્પના પણ કરી ન હતી કે તેમને કોઇ આવી સભાને સંબોધન કરવું પડશે. વાજપેયીને શ્રદ્ધાંજલિ આપતા અડવાણી ભાવનાશીલ બની ગયા હતા. અડવાણીએ યાદ કરતા કહ્યું હતું કે, જ્યારે તેમની આત્મકથાનું વિમોચન થયું ત્યારે વાજપેયી ઉપસ્થિત રહી શક્યા નહતા જેના કારણે તેમને ખુબ પીડા થઈ હતી. આજે જ્યારે તેઓ નથી ત્યારે કેટલી પીડા થઈ રહી છે તે સમજી શકાય છે. અડવાણીએ કહ્યું હતું કે, જીવનમાં અનેક સભાઓને સંબોધી છે

● અનુસંધાન પાન-૭ પર

વિનેસ ફોગાટને ફ્રીસ્ટાઈલ કુસ્તીમાં ગોલ્ડ

એશિયન ગેમ્સમાં ૫૦ કિલોગ્રામ ફ્રીસ્ટાઇલ કુસ્તીમાં સુવર્ણ ચંદ્રક જીતનાર ફોગાટ પ્રથમ ભારતીય મહિલા : ભારત તરફથી દિપકકુમાર તેમજ લક્ષ્ય કુમારે શૂટિંગમાં સિલ્વર મેડલ જીતી લીધા

જકાર્તા,તા. ૨૦

ઈન્ડોનેશિયાના પાટનગર જાકાર્તા અને પાલેમબાંગમાં ચાલી રહેલા એશિયન ગેમ્સના બીજા દિવસે ભારતીય ખેલાડીઓનો દેખાવ શાનદાર રહ્યો હતો. વિનેસ ફોગાટે એશિયન ગેમમાં ઈતિહાસ રચીને ૫૦ કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ કુશ્તીમાં ગોલ્ડ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. એશિયન ગેમમાં ગોલ્ડ મેડલ જીતનાર તે પ્રથમ ભારતીય મહિલા બની હતી. વિનેશે જાપાનની ઈરીયુકી ઉપર ૬-૨થી જીત મેળવી હતી. આની સાથે જ ભારતે વે બે ગોલ્ડ પણ પોતાના નામે કરી દીધા છે. આજે ભારતની વિનેશ જ્યારે મેદાનમાં ઉતરી ત્યારે તેમના પગમાં દુખાવો હતો છતાં પોતાની તમામ બાઉટ જીતવામાં તે સફળ રહી હતી. વિરોધી રેસલરને કોઈ તક આપી ન હતી. ફાઈનલમાં પહોંચતા પહેલા વિનેશે સેમિફાઈલમાં કોરિયાની રેસલર કિમને હાર આપી હતી. ભારતના ખાતામાં આજે શૂટિંગમાં બે મેડલ આવ્યા હતા. આની સાથે જ ભારતના હજુ સુધી કુલ પાંચ મેડલ થઈ ગયા છે. દિપકકુમાર અને લક્ષ્યકુમારે ભારત તરફથી શૂટિંગમાં સિલ્વર મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. આ ખેલમાં હજુ સુધી ભારતે એક ગોલ્ડ અને

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

ક્રિકેટર ગૌતમ ગંભીર ભાજપમાં જોડાશે

ભારતીય ક્રિકેટર ગૌતમ ગંભીર આગામી સમયમાં ભાજપમાં જોડાઈ શકે છે. મીડિયા રીપોર્ટ અનુસાર ગૌતમ ગંભીર દિલ્હીથી ચૂંટણી લડી શકે છે.

આગ્રામાં અટલ આદર્શ નવીન મહોલ્લા યોજના શરૂ

આગ્રામાં પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય અટલબિહારી બાજપાઈની યાદમાં વિવિધ વોર્ડની સાફ-સફાઈ કરી, નવી સુવિધાઓ ઉપલબ્ધ બનાવી અટલ આદર્શ નવીન મહોલ્લા યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સુપ્રિમના જજ રાહત કેમ્પમાં ૨૫ હજાર આપશે.

કેરળમાં આવેલા વિનાશક પૂર પીડિતોને મદદ કરવા સુપ્રિમ કોર્ટના જજ સામે આવ્યા છે. સુપ્રિમ કોર્ટના બધા જ જજો રાહત કોષમાં ૨૫-૨૫ હજારની રકમ જમા કરાવશે.

ભારતે પોખરણમાં એન્ટી ટેંક હેલિના મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ

ભારત સતત પોતાની સૈન્ય તાકતમાં વધારો કરી રહ્યું છે. આ ક્રમમાં જ રવિવારના રોજ રાજસ્થાનની હવામાં તાબડતોડ સટીક પ્રહાર કરનાર ગાઈડેડ બોમ્બ અને એન્ટી ટેક ગાઈડેડ મિસાઈલ હેલિનાનું સફળ પરીક્ષણ કરાયું છે. આને સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજીથી બનાવામાં આવ્યું છે. તેમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે.

મહાગઠબંધનમાં જોડાવવા આપનો ઈન્કાર

કોંગ્રેસ પર પણ કેજરીવાલના તેજાબી પ્રહારો : જે પાર્ટી મહાગઠબંધનમાં સામેલ થઇ રહી છે તે પાર્ટીઓનુ દેશના વિકાસમાં નોંધપાત્ર ભૂમિકા રહી નથી : કેજરીવાલ

નવી દિલ્હી,તા. ૨૦

આમ આદમી પાર્ટીએ ભારતીય જનતા પાર્ટીની સામે લોકસભાની ચૂંટણી પહેલા મહાગઠબંધનનો હિસ્સો બનવાનો સાફ ઈન્કાર કરી દીધા બાદ આને લઈને અનેક પ્રકારની અટકળો ચાલી રહી છે. થોડાક દિવસ પહેલા આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે કહ્યુ હતુ કે સામાન્ય પ્રજા અને વિકાસની સાથે તેમનુ ગઠબંધન છે. કેજરીવાલે કહ્યુ હતુ કે જે પાર્ટીઓ મહાગઠબંધનમાં સામેલ થઈ રહી છે તે પાર્ટીઓની દેશના

વિકાસમાં કોઈ ભૂમિકા રહી નથી. કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના કેટલાક નેતા રાજ્યસભામાં નાયબ અધ્યક્ષની ચૂંટણી દરમિયાન પણ કોંગ્રેસ પાર્ટીની ટિકા કરતા નજરે પડ્યા હતા. કેજરીવાલે દાવો કર્યો હતો કે પહેલા રાષ્ટ્રપતિ ચૂંટણી અને ત્યારબાદ અવિશ્વાસ દરખાસ્ત વેળા તેઓએ કોંગ્રેસને સમર્થન આપ્યુ હતુ. માંગ કર્યા વગર સમર્થન આપવામાં આવ્યુ હતુ. જો કે કોંગ્રેસે ક્યારેય સન્માનજનક વાત કરી ન હતી. સુત્રોના કહેવા મુજબ મહાગઠબંધનથી દુર રહેવાનો અર્થ કોંગ્રેસ પાર્ટી સાથે અંતર રાખવાનો રહ્યો છે. પાર્ટી નેતાઓને હવે લાગે છે કે કોંગ્રેસની સાથે દેખાવવાથી પાર્ટીને નુકસાન થઈ રહ્યુ છે. સાથે સાથે પાર્ટી કોર કેડરના લોકોને આ વાત પસંદ પડી રહી ન હતી. આમ આદમી પાર્ટી લોકસભા ચૂંટણી દરમિયાન તેનુ મુખ્ય ધ્યાન દિલ્હી, પંજાબ અને હરિયાણા પર જ કેન્દ્રિત રાખનાર છે. આ ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

કૌભાંડી નિરવ મોદી હાલ બ્રિટનમાં

પ્રત્યાર્પણ માટે સીબીઆઇ દ્વારા અપીલ કરાઇ : પ્રત્યાર્પણની માંગ કરીને સીબીઆઈ દ્વારા ગૃહમંત્રાલયને વિનંતી કરવામાં આવી : નિરવ મોદી ઉપર સકંજો મજબૂત

નવી દિલ્હી,તા. ૨૦

દેશના સૌથી મોટા કિંગ કોંભાડને અંજામ આપીને દેશની બહાર ફરાર થઈ ગયેલા કુખ્યાત નીરવ મોદી હાલમાં બ્રિટનમાં હોવાના હેવાલ મળ્યા છે. સીબીઆઈના અધિકારીઓએ કહ્યુ છે કે બ્રિટન તરફથી પણ આવા હેવાલને સમર્થન આપ્યુ છે. ફરાર થયેલા અબજોપતિ આરોપી અને જ્વેલર નીરવ મોદીના પ્રત્યાર્પણ માટે હવે અપીલ કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે સરકારી બેંકો પાસેથી

● અનુસંધાન પાન-૭ પર

જ્યોતિષી ડો.આર.જે.દવે (દવે ગુરૂજી)
હસ્તરેખા, કુંડળી, વાસ્તુ કન્સલ્ટન્ટ (ગોલ્ડ મેડાલીસ્ટ) - વીંછણવાળા
ઘરેલુ ઝઘડા, કોર્ટકેસ, દુશ્મનોથી પરેશાન, શિક્ષણ, સંતાન, વિદેશ વિઝા જેવી સમસ્યાઓ તેમજ વિકટ પરિસ્થિતિમાં બંધ પડેલ કારખાના તેમજ કોઇપણ બિઝનેશકે N.P.A. થયેલ કંપનીઓને ફરીથી ધમધમતા કરવા માટે માર્ગદર્શન અને યોગ્ય પેકેજ તૈયાર કરી આપવમાં આવશે.
લગ્ન યોગ ક્યારે ? સગાઇ, લગ્ન માટે યોગ્ય પાત્ર મળવામાં મુશ્કેલી, જીવનસાથી કેવો મળે ? લગ્ન દેશમાં કે વિદેશમાં ? સગાઇ થઇ ને તુટી જવી, લગ્નમાં વિલંબ થવો, પતિ-પત્ની અણબનાવ, ઘરમાં નાની નાની વાતે ઝઘડા, સંતાનોથી અસંતોષ જેવી સમશ્યાઓના શાસ્ત્ર શુધ્ધ સમાધાન
નોંધ : ધૂપ-ધુમાડા કરતા ભૂવા-ભગત, બાવા-બાપુ, બાબાઓ, તાંત્રિકોને લગતા કામો માટે મહેરબાની કરીને મળવું નહી. દોરા-ધાગા તાવિજ, માદળિયા, અમારે ત્યાં મળતા નથી, ૨૪ કલાકમાં ચમત્કાર અને પાંચ મિનિટમાં નિકાલ સાથે જ્યોતિષ શાસ્ત્રને કોઈ જ સંબંધ નથી.
અપોઈન્ટમેન્ટ માટે મો. ૯૯૭૪૦૯૨૭૭૭
૧૨, પહેલોમાળ, કર્મવીર સામ્રાજ્ય, દેનાબેંકની ઉપર, વી.કે.વી.રોડ, નડીઆદ.

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે.કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની વાયનાડ-હસન | ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951 નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ,અમદાવાદ 26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

GRAND OPENING
EXHIBITION
Gupta's
Designer Diamond Jewellery
Presents
Monsoon Mela
Jewellery, Designer Rakhis, Kurtis,
Dress Materials, Handicraft Items, Gift Articles,
Lucknowi Chikan Work, Home Decor & Many More
21st & 22nd August, 2018
10 am - 8 pm | Banquet Hall
Free Mehendi, Free Nail Art & Kids Entertainment
NARAYANI HEIGHTS
HOTEL AND CLUB
Free Entry
Ahmedabad Airport-Gandhinagar Road, Adj. Apollo Hospital, Bhat, Ahmedabad-Gandhinagar.
+91 79 6170 1800 | sales@narayaniheights.com | www.narayaniheights.com

SHREE NANDAN COURIER LIMITED
ISO 9001:2015
We Deliver On Time
For Rakhi Delivery Status Missed Call 8141336666
રાખડીનું બુકીંગ ચાલુ છે.
Toll Free : 180023366666
www.shreenandancourier.com
રક્ષાબંધન
—શુભકામના—
રેશમના તાંતણે બંધાશે સ્નેહનું બંધન,
ભાઈ સુધી પહોંચાડશે રાખડી શ્રી નંદન...